### મોંઘવારીમાં કરીયાણું ખરીદી છેતરપીંડી

# શામળપુરમાં ઠગ ઈસમોએ વેપારીને મામૂ બનાવ્યો : કરીયાણું લઈ રફુચક્કર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

ભિલોડાના શામળપુરમાં ઈકો કારમાં ગ્રાહક બનીને આવેલા ઠગ ઈસમોએ કરીયાણાના વેપારી મોતીસિંહ પૃથ્વીસિંહ રાજપૂરોહીત (રહે.ઈટાડી, તા.હિંમતનગર)ને પેટ્રોલપંપના માલિકનો દિકરો હોવાનું બતાવી રૂા.૨૯,૨૦૦નું કરીયાણું ખરીદ્યા પછી ઠગ ઈસમો પૈસા ચૂકવ્યા વગર રફુચક્કર થઈ જતાં પોલીસ ફરિયાદ થઈ છે. બનાવ અંગે શામળાજી પોલીસે વિશ્વાસઘાત અને છેતરપીંડીનો ગુનો નોંધ્યો છે.

પોલીસ સૂત્રોએ આપેલી જાણકારી મુજબ મોડાસા તાલુકાના ઈટાડી ગામના મોતીસિંહ રાજપૂરોહીત શામળપુરમાં કરીયાણાની દુકાન ચલાવે છે. તા.૧૯ના રોજ સાંજના સમયે વેપારી અને દુકાનમાં કામ કરનાર અન્ય લોકો ઉપસ્થિત હતા જે સમયે સફેદ રંગની નંબર વગરની વરના કાર લઈ બે ઈસમો દુકાને આવ્યા હતા જેમાં એક ઈસમે પોતે એચ.પી. પેટ્રોલ પંપના માલિકનો દિકરો હોવાની ઓળખ આપી કરીયાણાનું ખરીદવાની વાત કરી હતી દરમ્યાન અન્ય એક ઈસમ બાઈક લઈ ત્યાં આવ્યો હતો અને વેપારીને આમને હું ઓળખું છું તેમ કહી વિશ્વાસમાં લેતાં રૂા.૨૯,૨૦૦ની કિંમતનું કરીયાણું અજાણ્યા ઈસમોને આપવામાં આવ્યું હતું. વેપારી દ્વારા કપિલસિંહ રાજપૂરોહીતની કરીયાણા પૈસા લેવા માટે કારમાં બેસાડવામાં આવ્યા હતા જે સમયે ગ્રાહકના રૂપમાં ઠગ ઈસમોએ રસ્તામાં સિગારેટ લેવાના બહાને દુકાનદારના માણસને ઉતારી દઈ કરીયાણાના જથ્થા સાથે ફરાર થઈ ગયા હતા. પોતે ઠગ ઈસમોના હાથે કરીયાણું આપી છેતરાયા હોવાનું વેપારીને જણાઈ આવતાં આખરે પોલીસને ફરિયાદ આપી છે. છેલ્લા કેટલાક સમયથી ખાદ્ય ચીજવસ્તુઓમાં મોંઘવારી વધી રહી છે જેથી કરીયાણું ખરીદી છેતરપીંડીના બનાવ આગામી સમયમાં વધી શકે છે.

# બાયડના અનેક વિસ્તારોમાં સાપ દેખાતાં ભયનો માહોલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

અસહ્ય ગરમી અને બફારામાં બખોલમાં રહેતા



સરીસૃપ સર્પો હવે સોસાયટી વિસ્તારોમાં જોવા મળ્યા છે. છેલ્લા ૧ સપ્તાહમાં બાયડમાંથી ૧૦ થી વધુ સાપ પકડીને સલામત સ્થળે મૂકવામાં આવ્યા છે. બાયડમાં સ્વામિનારાયણ સોસાયટી વિભાગ-૨ માં રહેતા પંકજભાઈ દોષીના ઘર પાસે કોબ્રા જોવા મળતાં સોસાયટીમાં ભયનો માહોલ ઉભો થયો છે.

ચોમાસુ આવે એટલે સાપ બહાર આવતા હોય છે. તાજેતરમાં બાયડના ભંગારના વેપારી, જૂના બસ સ્ટેશન, ગાબટ રોડ, લાખેશ્વરી વિસ્તાર, હેર વિસ્તાર સહિતના વિસ્તારોમાં ઝેરીલા સાપ જોવા મળ્યા હતા. બાયડની વલ્લભનગર સાસોયટી પાસેથી પસાર થતી ખુલ્લી ગટરમાં સાપની હાજરીથી બાળકો તેમજ દુકાનદારો પણ ભયભીત બન્યા છે. તા.૨૨ના રોજ રાત્રે સોસાયટી વિસ્તારમાં ઝેરી કોબ્રા દેખાતાં બહાર બેઠેલા લોકો ઘરમાં ઘૂસી ગયા હતા ત્યાર પછી સાપ પકડનારને જાણ કરવામાં આવી અને સાપ પકડવામાં આવ્યો હતો. સાપની જાતિના જાણકાર શૈલેષ બારોટે પકડાયેલ સાપ ઝેરી પ્રજાતિનો કોબ્રા હોવાનું જણાવ્યું છે.

### અમદાવાદ પોલીસ કમિશનર ઓફિસની પાસે જ યુવકને લૂંટી લેવાયો

અમદાવાદમાં ગુનેગારો બેખૌફ બન્યા છે. જુલાઈ મહિનામાં જ અમદાવાદમાં ૮થી વધારે હત્યાઓનો બનાવ બન્યા છે. તેવામાં હવે અમદાવાદ પોલીસના વડા પોલીસ કમિશનર ઓફિસની પાસે જ એક યુવકને લૂંટી લેવાયો હોવાની ઘટના સામે આવી છે. જો કે પોલીસ કમિશનર ઓફિસ પાસે જ કોઈ વ્યક્તિને લૂંટી લેવામાં આવે તો વિચારો કે ગુનેગારોના ઈરાદા કેટલા બુલંદ હશે. અમદાવાદના રાતના સમયે એસવીપી હોસ્પિટલમાં પેરા મેડિકલ સ્ટાફ તરીકે કામ કરતો યુવક એક્ટિવા લઈને પોતાના ઘર તરફ પરત ફરી રહ્યો હતો. આ સમયે શાહીબાગ વિસ્તારમાં આવેલી પોલીસ કમિશનર ઓફિસ પાસે પહોંચ્યો જ ત્યાં રિક્ષામાં આવેલાં લૂંટારાઓએ તેનો રોક્યો હતો. અને તેની પાસેથી મોબાઈલ, ૨૦ હજાર રોકડા તેમજ તેના એક્ટિવાની ચાવી લઈને ફરાર થઈ ગયા હતા.

### ગાંધીનગર સમાચાર ઈમ્પેક્ટ..

# માનવ અધિકાર આયોગે અરવલ્લી ડી.ડી.ઓ.નો અહેવાલ માંગ્યો, આંબલિયારા ગ્રામ પંચાયતમાં અરજદારને માર મારવાનો મામલો

બાયડ તા.૨૩

બાયડ તાલુકાની આંબલિયારા ગ્રામ પંચાયતમાં માહિતી અધિકાર હેઠળ માહિતી લેવા ગયેલા અરજદાર અંકુર આર. પરમારને માર માર્યાના અહેવાલ પ્રસિદ્ધ થતાં ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગે તેની ગંભીર નોંધ લઈ સુઓમોટો કાર્યવાહી હાથ ધરી છે અને માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ-૧૯૯૩ની કલમ ૧૨ હેઠળ ચકાસણી કરીને કલમ-૯૮ મુજબના પગલાં લેવા ધારે છે. રાજ્ય આયોગે તા.૯ જુલાઈ ૨૦૨૧ના રોજ કોલ ફોર ધ રીપોર્ટ ળોમ ડી.ડી.ઓ. અરવલ્લીને અહેવાલ તા.૧૦ ઓગસ્ટ ૨૦૨૧ સુધીમાં રજુ કરવા જણાવ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર તાલુકાની આંબલિયારા ગ્રામ પંચાયતમાં અરજદારે ૪૧ મુદ્દાની માહિતી માંગી હતી



આંબલિયારા પંચાયતમાં માહિતી માંગનાર અરજદારને ફટકાર્યો

મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો, મામલો ગાંધીનગરના દરબારમાં પહોંચશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

બાયડ તાલુકાના આંબલિયારા ગામના અંકુર રમેશભાઈ પરમારે માહિતી અધિકાર હેઠળ ગ્રામ પંચાયતમાંથી ૪૧ મુદ્દાની માહિતી માંગી હતી જેનો રોષ દાખવી પંચાયતમાં આ બાબતે પૂછપરછ કરવા જતાં કારકૂન વિજેન્દ્રસિંહ દલપતસિંહ ચૌહાણે દંડા વડે ફટકારી પગની ઘૂંટણીએ ચલાવ્યાનો આક્ષેપ કરતો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થતાં સનસનાટી મચી ગઈ છે. આવનારા દિવસોમાં આ મામલો ગાંધીનગરના દરબારમાં પહોંચશે. અરજદારે પોતાને ન્યાય નહીં મળે અને હુમલો કરનારા સસ્પેન્ડ નહીં થાય ત્યાં સુધી ઝંપીને બેસીશ નહીં તેમ જણાવ્યું છે.

ગામડાઓમાં આજે પણ ગ્રામ પંચાયતો પ્રજાની સમસ્યાઓ ઉકેલવા માટે તત્પર હોય છે. અનેક સરપંચો અને તલાટી કમ મંત્રીઓએ સારી કામગીરીથી ગ્રામજનોના દિલ જીત્યા છે પરંતુ ક્યારેક એવી ઘટના બને એટલે તમામ પંચાયતો અને તેના કર્મચારી પદાધિકારીઓ બદનામ થતા હોય છે. વાત એવી છે કે આંબલિયારાના અંકુર પરમારે ગ્રામ પંચાયતમાં થયેલા વિકાસના કામો, આવાસ યોજનામાં કોને કોને લાભ મળ્યો, તલાટી કમ મંત્રી ક્યારે ગ્રામ પંચાયતમાં હાજર થયા..સહિતની ૪૧ મુદ્દાની વિગતો માહિતી અધિકાર કાયદા હેઠળ માંગી હતી અને ત્યારથી પંચાયતના કર્મચારી અને માહિતી માંગનાર વચ્ચે ખટરાગ હતો. માહિતી માંગનાર યુવાન તલાટીકમ મંત્રીને મળવા માંગતા હતા. તલાટી પંચાયતમાં હાજર છે તેવું જાણવા મળતાં પંચાયતમાં પહોંચ્યા

બાયડ પોલીસ સ્ટેશ

પહોંચ્યો હતો અને ત્યાંથી સારવાર માટે બાયડની ખાનગી હોસ્પિટલમાં ગયાનું જાણવા મળ્યું છે.

તલાટી યોગ્ય જવાબ આપતા નથી : અરજદારનો આરોપ

માહિતી અધિકાર હેઠળ વિગતો માંગનાર અંકુર પરમારે આંબલિયારા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી ઉપર આરોપ લગાવ્યો છે કે તલાટી યોગ્ય જવાબ આપતા નથી અને મોબાઈલ પણ ઉપાડતા નથી. જ્યારે પંચાયત ઘરમાં ટેલિફોનની સુવિધા ન હોવાનો પણ આરોપ લગાવ્યો છે.

અન્ય પાર્ટીનો દાખલો આપી ન શકાય : તલાટી કમ મંત્રી

તલાટી કમ મંત્રી કિર્તન પટેલનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે આક્ષેપો તદન ખોટા છે. અરજદારે અન્ય પાર્ટીનો દાખલો માગ્યો હતો જે અમે પાર્ટીની હાજરી વગર ન આપી શકીએ.

અને ફરીથી આ અંગે પૂછપરછ કરવા જતાં ગ્રામપંચાયતના કારકૂન વિજેન્દ્રસિંહ દલપતસિંહ ચૌહાણે દંડા વડે ફટકારી પગની ઘૂંટણીએ ચલાવ્યાનો આક્ષેપ સાથે વિડીયો વાઈરલ કર્યો હતો.

ગાંધીનગર સમાચારના અહેવાલના આધારે ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ દ્વારા તાબળતોબ અરવલ્લી ડી.ડી.ઓ.ને સુઓમોટો કાર્યવાહી અંગે જાણકારી આપી કલમ-૧૩(૧) હેઠળ અહેવાલ મેળવવાનો થાય છે. જેથી સમય મર્યાદામાં વિગતવાર અહેવાલ રાજ્ય આયોગને મોકલી આપવા આદેશ કરવામાં આવ્યો છે. માનવ અધિકાર આયોગે અખબારી અહેલવાના પગલે સુઓમોટો કાર્યવાહી હાથ ધરતાં સમગ્ર જિલ્લામાં સનસનાટી મચી ગઈ છે.



**બાયડ શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા ગૌરીવ્રત નિમિત્તે સૂકામેવાનું વિતરણ**

બાયડ શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા ગૌરીવ્રત નિમિત્તે શુક્રવારે ઝૂંપડપટ્ટી વિસ્તારમાં ગરીબ પરિવારની કન્યાઓને સૂકામેવાનું વિતરણ કરાયું ત્યારે કન્યાઓ હરખાઈ હતી. ત્યારબાદ મહિલા મોરચા દ્વારા વિવિધ સ્થળે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. બાયડ શહેર ભાજપ સંગઠનમાં નવા હોદ્દેદારોની નિયુક્તિ પછી કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બાયડ શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા બાયડના હેર વિસ્તારમાં ગૌરીવ્રત નિમિત્તે સૂકામેવાનું વિતરણ કરવામાં આવ્યું. અરવલ્લી જિલ્લા ભાજપ મહિલા મોરચાના મંત્રી ચંદ્રીકાબેન જે. ભાટીની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો જેમાં બાયડ પાલિકા ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, બાયડ શહેર ભાજપ મહિલા મોરચા પ્રમુખ જીજ્ઞાશાબેન પંચાલ, મહામંત્રી પુષ્પાબેન પટેલ, વોર્ડ નં.૨ ના કોર્પોરેટર પ્રકાશભાઈ સોલંકી, જીજ્ઞાશાબેન સુનિલભાઈ રાઠોડ સહિત મહિલા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

### ઘરેથી ભાગેલા પ્રેમી-પંખીડાએ તાપી નદીમાં મોતની છલાંગ લગાવી

મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના વાણીવિહિર ગામનાં પ્રેમી-પંખીડાં સાતેક દિવસ પહેલાં ઘરેથી ભાગી ગયાં હતાં. તાપી જિલ્લાના કૂકરમુંડા ગામની સીમમાં તાપી નદીના કાવિઠા પુલની ઉપર બાઈક મૂકી બન્ને પ્રેમી-પંખીડાં નદીમાં કૂદી પડ્યાં હતાં. ફાયર વિભાગ દ્વારા તપાસ હાથ ધરાતાં આજે પ્રેમિકાનો મૃતદેહ મળી આવ્યો છે, જ્યારે પ્રેમીની શોધખોળ ચાલી રહી છે. તાપીના કૂકરમુંડા તાલુકાના જૂના કૂકરમુંડા ખાતે આવેલા તેમજ નિઝરના વેલ્દા ટાંકીથી કૂકરમુંડા તરફ જતા રસ્તા પરના તાપી નદી પુલ ઉપરથી ગત રોજ સાંજે પુલ પર બાઈક મૂકી એક યુવક અને યુવતી નદીમાં કૂદી પડ્યાં હતાં.

# આજે ગુરૂ પૂર્ણિમા : બાયડ ગાયત્રી શક્તિપીઠમાં પરીજનોની ઉપસ્થિતિમાં પાવન પર્વની ઉજવણી

### કોરોના ગાઈડલાઈનના અમલ સાથે ઉજવણી કરાશે : પ્રમુખ, ભરતભાઈ ઉપાધ્યાય

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

શનિવારે આસ્થા અને ઉમંગ સાથે ગુરૂ પૂર્ણિમા પર્વની ઉજવણી કરાશે. કેટલાક આશ્રમોમાં શુક્રવારે ગુરૂ પૂર્ણિમાની ઉજવણી કરાતાં અસમંજસની સ્થિતિ જોવા મળી. અરવલ્લીના ખ્યાતિ પ્રાપ્ત બાયડ ગાયત્રી શક્તિપીઠમાં આજે શનિવારે સવારથી ગુરૂ પૂર્ણિમા પર્વની ઉજવણી કરાશે. ગુરૂ અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાન રૂપી પ્રકાશમાં લઈ જાય છે. કોરોના ગાઈડલાઈનના અમલ સાથે ગાયત્રી શક્તિપીઠમાં ગાયત્રી પરીજનોની સિમિત હાજરીમાં પર્વની ઉજવણી કરાશે તેમ પ્રમુખ ભરતભાઈ ઉપાધ્યાયે જણાવ્યું છે.

ભારતીય ઋષિ પરંપરાને જાગૃત કરવા ગાયત્રી યજ્ઞના માધ્યમથી ૧૬ સંસ્કારોની પરંપરાનો જનજન સુધી પહોંચાડવામાં પંડીત શ્રીરામ શર્મા આચાર્યજીનો અને ગાયત્રી શક્તિપીઠ સંસ્થાનનો બહુમૂલ્ય ફાળો રહ્યો છે. અત્યારે દેશમાં ૨૪૦૦ શક્તિપીઠની સામે ૨૪,૦૦૦થી વધારે ગાયત્રી શક્તિપીઠના સંસ્થાનના માધ્યમ દ્વારા જનજાગૃતિ કેન્દ્રો મારફતે કાર્ય થઈ રહ્યા છે. ભારતની સંસ્કૃતિને ગુરૂ મહિમાને આગવું સ્થાન આપવામાં આવ્યું છે. દર વર્ષે અષાઢ સુદ-પુનમના દિવસે ગુરૂ પૂર્ણિમા પર્વની ઉજવણી થાય છે. શિષ્ય ગુરૂ પૂજન કરી ગુરૂના આશીર્વાદ મેળવી આ દિવસે ધન્ય થતા હોય છે. ગુરૂબિન જ્ઞાન ન ઉપજે, ગુરૂબિન મિટે ન ભેદ, ગુરૂબિન સંસય ના મિટે ભલે વાંચે ચારોવેદ..ગુ વર્ણનો અર્થ અંધકાર અને રૂ વર્ણનો અર્થ તેજ. આમ અજ્ઞાન રૂપી અંધકારમાંથી જ્ઞાનરૂપી પ્રકાશમાં લઈ જનાર ગુરૂદેવ સાક્ષાત બ્રહ્મ સ્વરૂપ છે તેમાં કોઈ શંકા નથી. ગાયત્રી શક્તિપીઠ-બાયડ દ્વારા ચલાવવામાં આવી રહેલા વિવિધ અભિયાનના કારણે અનેક સમાજ અને પરિવારમાંથી કુરિવાજોને દેશવટો મળ્યો છે. સેંકડો લોકો અને યુવાનો વ્યસનમુક્ત બન્યા છે. દર ગુરૂવારે ગાયત્રી શક્તિપીઠ-બાયડમાં ગર્ભોત્સવ સંસ્કાર કરવામાં આવે છે. ગાયત્રી તિર્થ શાંતિકુંજ હરિદ્વારના માર્ગદર્શન હેઠળ કાર્યરત ગાયત્રી શક્તિપીઠ-બાયડ હવે એક તિર્થ સ્થળ બની રહ્યું છે. ગત વર્ષે ગાયત્રી શક્તિપીઠ-બાયડ દ્વારા ગુજરાતના મહામહિમ રાજ્યપાલની ઉપસ્થિતિમાં બાયડમાં ૩૦૦૦થી વધુ ખેડૂતોની હાજરીમાં ગૌ આધારીત પ્રાકૃતિક ખેતીનો સંકલ્પ કરાયો હતો તેને સારૂ સમર્થન મળ્યું છે.



### મનહરભાઈ પટેલને યાદ કરી પરીજનો ભાવુક થયા, ખોટ કદી નહીં પુરાય

ગાયત્રી શક્તિપીઠ-બાયડના આદ્યસ્થાપક મનહરભાઈ પટેલનું થોડાક સમય અગાઉ કોરોના પછી હૃદયરોગના હુમલામાં મોત નિપજ્યું હતું. દર વર્ષે ગુરૂ પૂર્ણિમા સહિત અન્ય આયોજનો એકલા હાથે પાર પાડતા હતા. પ્રથમ ગુરૂ પૂર્ણિમા એવી છે કે તેમની પ્રત્યક્ષ હાજરી નહીં હોય. મનહરભાઈ પટેલ અને તેમના અકલ્પનિય સેવાકીય કાર્યોને યાદ કરી પૂર્વ સંધ્યાએ અનેક ગાયત્રી પરીજનો ભાવુક થયા હતા. ગાયત્રી શક્તિપીઠ-બાયડના પ્રમુખ ભરતભાઈ ઉપાધ્યાયે ગદગદીત સ્વરે જણાવ્યું કે તેમની ખોટ કદીય નહીં પુરાય.

અનેક સેવાકીય કાર્યોથી ધમધમતા ગાયત્રી શક્તિપીઠ-બાયડમાં આજે ગુરૂ પૂર્ણિમા પર્વની આસ્થા સાથે ઉજવણી થશે.

# દેખાઈ ખુશાલી : સાબરકાંઠા, અરવલ્લીમાં સોમવારથી ધો.૯ થી ૧૧નું શિક્ષણ કાર્ય શરૂ

### ૧૬ મહિનાથી ઓનલાઈન અભ્યાસ કરતા ૧.૧૬ લાખ છાત્રોને હાશકારો, વાલીઓ પણ મલકાયા

કોરોનાનું સંક્રમણ ઘટ્યા પછી ધો.૯ થી ૧૧ ની શાળાઓ શરૂ ન થતાં અરવલ્લી, સાબરકાંઠા શાળા સંચાલક મંડળે બાંયો ચઢાવી સરકાર શાળાઓ શરૂ કરવાની મંજૂરી ન આપે તો આરપારનો જંગ લડી લેવાનો મક્કમ ઈરાદો વ્યક્ત કર્યા પછી રાજ્ય સરકારે સોમવારથી ધો.૯ થી ૧૧ ની



શાળાઓ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. બંન્ને જિલ્લામાં સોમવારથી કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ શિક્ષણ કાર્ય શરૂ થશે. ૧૬ મહિનાથી ઓનલાઈન અભ્યાસ કરતા ૧,૧૬,૦૦૦થી વધુ છાત્રોને હવે શાળામાં પ્રત્યક્ષ શિક્ષણ મળતું થશે જેની ખુશાલી પણ જોવા મળી છે. જ્યારે ઓનલાઈન શિક્ષણના કારણે મોબાઈલનો વધુ પડતો ઉપયોગ કરતા સંતાનોથી અનેક વાલીઓ નારાજ હતા તે પણ શાળામાં શિક્ષણ કાર્ય શરૂ કરવાના નિર્ણયથી મલકાયા છે.

રાજ્યની સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર શાળાઓમાં ધો.૯ થી ૧૧ નું શિક્ષણ કાર્ય ક્યારે શરૂ થશે તે મુદ્દે વિદ્યાર્થી, વાલીઓ ચિંતિત હતા. જ્યારે સ્વનિર્ભર શાળા સંચાલકો દ્વારા સરકારના શાળાઓ નહીં ખોલવાના નિર્ણય સામે એક્તા દેખાડી મોરચો માંડ્યો અને પછી તેની સીધી અસર ગાંધીનગરમાં જોવા મળી. મુખ્ય મંત્રીના અધ્યક્ષ સ્થાને જોવા મળેલી કોર કમીટીની બેઠકમાં ૫૦ ટકા ક્ષમતા સાથે ધો.૯ થી ૧૧ ના વર્ગો શરૂ કરવાની છૂટ આપવામાં આવી છે. કોઈપણ વિદ્યાર્થીને શાળામાં હાજરી આપવા માટે દબાણ પણ નહીં કરી શકાય. પરંતુ શાળામાં શિક્ષણ મેળવતા વિદ્યાર્થીને વાલીનું સંમતિપત્રક ફરજીયાત શાળાના આચાર્યને આપવું પડશે. ગત ૨૨ માર્ચ-૨૦૨૦ થી કોરોનાના કારણે શાળાઓમાં શિક્ષણકાર્ય બંધ થયું તેના કારણે તમામ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન અપાયું. ગત તા.૭ જૂનથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો. બંન્ને જિલ્લામાં કોરોનાનું સંક્રમણ અંકુશમાં છે.

### શાળાઓ શરૂ કરવાનો નિર્ણય આવકાર્ય : આચાર્ય

આકરૂન્દ હાઈસ્કુલના આચાર્ય જે.ડી.ભાટીએ જણાવ્યું કે ઓનલાઈન શિક્ષણ અને હોમ લર્નિંગ શિક્ષણના કારણે છાત્રો અભ્યાસમાં યોગ્ય ધ્યાન આપી શકતા ન હતા. પ્રત્યક્ષ શિક્ષણનું આગવું મહત્વ હોય છે આ સંજોગોમાં રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ધો.૯ થી ૧૧ના વિદ્યાર્થીઓ માટે સોમવારથી શાળામાં શિક્ષણ કાર્ય ૫૦ ટકા હાજરી સાથે શરૂ કરવાનો નિર્ણય લીધો છે જે આવકારદાયક હોવાનું જણાવ્યું છે.

### સરકારના નિર્ણયને આવકાર : શાળા સંચાલક મંડળ

અરવલ્લી જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ અતુલભાઈ બી. પટેલે જણાવ્યું કે કોરોનાનું સંક્રમણ ઘટ્યું છે. સરકારે કોચિંગ ક્લાસ ચાલુ કરવાની છૂટ આપી હતી જેથી અમે ધો.૯ થી ૧૧ ના વર્ગો શરૂ કરવા આવેદનપત્ર આપ્યું હતું. આખરે સરકારે અમારી વાતને ગંભીરતાપૂર્વક લઈ શાળાઓ શરૂ કરવાનો નિર્ણય લીધો છે તેને અમે આવકારીએ છીએ.

# અરવલ્લીમાં કોરોનાથી મૃત્યુ પામેલા ૩ પોલીસ કર્મીઓના પરિવારને આર્થિક સહાય

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

અરવલ્લી જિલ્લામાં કોરોનાના ઘાતક સ્વરૂપમાં મોડાસા, ઈસરી અને ધનસુરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ૩ પોલીસ કર્મચારીઓ કોરોના સંક્રમણથી મૃત્યુ પામતાં ગત રોજ જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા મૃતકના પરિવારોને ધી અરવલ્લી પોલીસ ક્રેડીટ કો.ઓપરેટરીવ સોસા. લી. તરફથી રૂા.૧-૧ લાખના ચેક આપવામાં આવ્યા છે. મૃત્યુ સહાય પેટે આર્થિક સહાયના ચેક અપાયા તે સમયે મૃતકના પરિવારજનોમાં ભાવુક દ્રશ્યો જોવા મળ્યા હતા.

કોરોનાની બીજી લહેર દરમ્યાન હોસ્પિટલોમાં સંક્રમિત દર્દીને દાખલ કરવો હોય તો પણ કતારમાં ઉભા રહેવું પડે તેવી સ્થિતિ પેદા થઈ હતી. અરવલ્લી જિલ્લાના મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં કિરીટસિંહ શિવસિંહ કુંપાવત, ઈસરી પોલીસ સ્ટેશનમાં ભાથીજી હેમાજી ડેડૂન અને ધનસુરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા નારાયણસિંહ શિવસિંહ ઝાલા સહિત કુલ-૩ પોલીસ કર્મીઓ કોરોનાથી સંક્રમિત થયા હતા જેમાં ત્રણેય પોલીસ કર્મચારીઓને તાબડતોબ સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હોવા છતાં કોરોના કાળમુખો સાબિત થતાં ફરજ દરમ્યાન ત્રણેય પોલીસ કર્મચારીઓના મોત નિપજતાં અરવલ્લી પોલીસ ક્રેડીટ કો. ઓપ. સોસા. દ્વારા મૃત્યુ સહાય માટે કાર્યવાહી કરવામાં આવી હતી.



**તત્વ કોલેજ-મોડાસામાં એન.એસ.એસ. વિદ્યાર્થીઓનું સન્માન**

કોરોના મહામારીમાં સલામતી અને જાગૃતિના ભાગરૂપે શહેરની અગ્રણી કોલેજ તત્વ ઈજનેર કોલેજ-મોડાસાના એન.એસ.એસ. વિદ્યાર્થીઓનું અરવલ્લી કલેક્ટર દ્વારા સન્માન કરવામાં આવ્યું. જિલ્લા રેડક્રોસ સોસાયટી પ્રમુખ તથા જિલ્લા કલેક્ટર ડૉ.નરેન્દ્રકુમાર મીણા, અરવલ્લી રેડક્રોસના ચેરમેન ભરતભાઈ પરમારના પ્રયાસથી જિલ્લામાં ૧૩ ઓક્સિજન કોન્સનટેટર મશીનનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમ્યાન જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર, તાલુકા રેડક્રોસના હોદ્દેદાર તથા તત્વ ઈજનેરી કોલેજના એન.એસ.એસ. વોલીએન્ટર હાજર રહ્યા હતા. તત્વ કોલેજના એન.એસ.એસ. વોલીએન્ટરનું કોરોના દરમ્યાન જનજાગૃતિ અભિયાન અને સેવાકીય પ્રવૃત્તિ કરવા બદલ જિલ્લા કલેક્ટર દ્વારા પ્રમાણપત્ર આપી સન્માન કરાયું. કાર્યક્રમનું સંચાલન રેકક્રોસ જિલ્લા બ્રાન્ચના ચેરમેન, સભ્ય અરવિંદભાઈ શ્રીમાળી, જયેન્દ્ર પંડ્યા અને દક્ષાબેન ઔદિચ્ય દ્વારા કરવામાં આવ્યું હતું.

# શિનોરના અવાખલ ગામે નકલી પોલીસને સ્થાનિકોએ ઝડપી માર માર્યો

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના અવાખલ ગામમાં પંચાયતના સભ્યના ઘરે પોલીસના નામે દારૂની રેડ કરવા ગયેલા ચાર નકલી પોલીસને સ્થાનિકોએ ઝડપી પાડીને માર માર્યો હતો. શિનોર પોલીસે ચારેય આરોપીની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. લલીતચંદ્ર કાનજીભાઈ વસાવાએ ફરિયાદ, સાંજના ૭:૩૦ વાગ્યે ગામમાં રહેતાં પંચાયત સભ્ય અનીલ વસાવાનો ફોન આવ્યો હતો કે, ચારેક માણસો સ્વીફ્ટ કાર લઈને રણછોડ કાંતિભાઈ વસાવાના ઘરે આવ્યા છે અને કહે છે કે તમે દારુનો ધંધો કરો છો, એટલે ઘર ચેક કરવું પડશે તમારા વિરૂદ્ધમાં પ્રોહિબિશનનો મોટો કેસ દાખલ કરીશું. પછી હું અનીલ ભાઈના ઘેર ગયો હતો ચારેયનું નામ પૂછતાં તેઓએ પોતાનું નામ આશીષ હર્ષદભાઈ બારોટ, જયેશ નટવરભાઈ સોલંકી, વિક્રમ શનાભાઈ રાઠવા અને રાહુલ દિનેશભાઈ પરમાર હોવાનું જણાવ્યું હતું. ચારેય જણાએ જણાવ્યું હતું કે 'અમે પોલીસના માણસો છે અને રણછોડભાઈ દારૂનો ધંધો કરે છે. ઓળખપત્ર માગતા બતાવ્યું ન હતું.